માર્ચ 27, 2022

# જાહેર નોટીસ

## રીફંડ માટે અસલ સર્ટીફીકેટ સુપ્રત કરવા અંગે

1. ન્યાયાધીશ (નિવૃત્ત) આર.એમ. લોઢા કમિટીના (PACLના કિસ્સામાં) (કમિટી)એ રુ. 10,001 થી રુ. 15,000 સુધીના દાવાવાળા અને જેઓની અરજીઓ સફળતાપૂર્વક ખરાઈ થયેલ છે તેવા લાયકાત ધરાવતા રોકાણકારો પાસેથી અસલ સર્ટીફીકેટ મંગાવવાનું નક્કી કર્યું છે. જેના અનુસંધાને આ લાયકાત ધરાવતા રોકાણકારોને તેમના અસલ સર્ટીફીકેટ સુપ્રત કરવા માટેનો એસએમએસ મોકલવામાં આવશે.

2. જે PACL ના રોકાણકારોને કમિટી તરફથી તેઓને PACL કંપની દ્વારા જારી કરાયેલ અસલ સર્ટીફીકેટ સુપ્રત કરવા જણાવતો એસએમએસ પ્રાપ્ત થયો હોય તેઓને સર્ટીફીકેટ નીચેના સરનામે મોકલી આપવા વિનંતી છે.

**P.O Box No.66, Belapur Post Office, Navi Mumbai – 400614**

3. રોકાણકારોએ એન્વલપમાં ફક્ત અસલ PACL પ્રમાણપત્રો મોકલવા જોઈએ અને પ્રમાણપત્ર નંબર એન્વલપની ટોચ પર લખવો જોઈએ. એક એન્વલપ દીઠ માત્ર 1 (એક) અસલ PACL પ્રમાણપત્ર હોવું જોઈએ.

4. અસલ સર્ટીફીકેટ પ્રાપ્ત કરવા માટેની વિન્ડો પહેલી એપ્રિલ, 2022 થી 30મી જુન 2022 સુધી ખુલ્લી રહેશે.

5. રોકાણકારોએ અસલ PACL સર્ટીફીકેટ ઉપરોક્ત ફકરા નં. 2માં દર્શાવેલ સરનામે 30મી જુન 2022ના રોજ સાંજે 5 વાગ્યા સુધીમાં મળી જાય તેની પૂર્તતા કરવી.

6. તદઉપરાંત, રોકાણકારોને કમિટી તરફથી અસલ સર્ટીફીકેટ મોકલી આપવા અંગેનો એસએમએસ મળ્યો ના હોય તેવા સંજોગોમાં PACL માં નોંધાયેલ અસલ સર્ટીફીકેટ મોકલતા પહેલાં સાવચેત રહેવું.

નૉડલ ઑફિસર-કમ-સેક્રેટરી

ન્યાયાધીશ (નિવૃત્ત) આર.એમ.લોઢા કમિટી

(PACL Ltd.ના કિસ્સામાં)